સુરત મહાનગરપાલિકાની તા.૩૦-૧-૮૬ ના રોજ મળેલી
તાકીદની સભામાં નીચેનો ઠરાવ પસાર થયો હતો :-

નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના તા.૨૧-૧-૮૬ના ઠરાવ નં.૪૪ થી વિદિત થઇ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૧ ની જોગવાઇ મુજબ નગર રચના યોજના સુરત નં.૧૫ (ફુલપાડા) તૈયાર કરવાનો ઇરાદો સામાન્ય સભા ઠરાવ નં.૩૦૦ તા.૨૧-૨-૮૫થી જાહેર કરેલ છે, જેની પ્રસિધ્ધી ગુજરાત રાજ્યના તા.૭-૩-૮૫ના રાજ્યપત્રમાં કરવામાં આવી છે, જેના સંદર્ભમાં જરુરી કાયદાકિય કાર્યવાહી કર્યા બાદ, નગર રચના યોજના સુરત નં.૧૫ (ફુલપાડા) અંગે લોકોના સુચનો જાહેર સભા દ્વારા માંગવામાં આવ્યા હતાં અને તેમાં થયેલ સુચનોની સમીક્ષા વિગેરે કરી ગુણવત્તાના ધોરણે ધ્યાનમાં રાખી સદરહુ યોજનાનો મુસદ્દો તૈયાર થયેલ છે. જે અનુસાર નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના ઉક્ત ઠરાવથી ભલામણ કર્યા મુજબ, આ સ્કીમ વિસ્તારમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો હિત ધરાવનાર વ્યક્તિઓ પાસેથી વાંધા સુચનો મેળવવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૨ (૧) તથા ૪૭ મુજબની કાર્યવાહી કરવાનું તથા આ યોજનાની દરખાસ્તથી અસર પામતી કોઇપણ વ્યક્તિ યોજનાના સંદર્ભમાં કોઇપણ વાંધો આ યોજના સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની મુદતની અંદર લિખિત વાંધો મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને મોકલી આપવા અને તે ધ્યાને લઇ યોગ્ય જણાય ઘટતુ કરવાનું ઠરાવવા તેમજ આ નગર રચના યોજના નં.૧૫ (ફુલપાડા)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમ-૧૮ અન્વયે જાહેરમાં પ્રસિધ્ધ કરવા તેમજ તે માટેના અધિસુચનની પ્રસિધ્ધી સરકારી રાજ્યપત્રમાં તથા સ્થાનિક વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધ કરવા તથા સ્કીમ વિસ્તારમાં જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવા તમામ કાર્યવાહી કરવા અંગેની સત્તા, મ્યુ.કમિશનરશ્રીને આપવાનું મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં. ૩૬૦ સર્વાનુમતે મંજુર